GJSN110009842025

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૩૧/૧૨/૨૦૨૫ | | |
| રજુ તારીખ | ૩૧/૧૨/૨૦૨૫ | | |
| ફેસલ તારીખ | ૧૮/૦૭/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | મહીનો | દીવસ |
| | ૦૦ | ૦૬ | ૧૮ |

સત્यमेव जयते

મહેરબાન ચુડાના પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં

રે.દિ.મુ.નં.૨૧૭/૨૦૨૫

આંક – ૨૫

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી.,

ઠે.નવા મૌવા રોડ, રાજકોટ.

સબ–ડીવીઝન, મું.તા.ચુડા, જી.સુરેન્દ્રનગર. ......વાદી.

<u>વિરુધ્ધ</u>

ગોપાલભાઈ ગાંડાભાઈ જાદવ(ભરવાડ),

ઉ.વ.આ.૩૦ , રહે.નવી મોરવાડ,

તા.ચુડા, જી.સુરેન્દ્રનગર. ...પ્રતિવાદી.

**<u>બાબત :– દાવો રૂા.૧૫,૦૬૨.૨૧ પૈસા વસુલ લેવાનો.</u>**

<u>-:: Appearance::-</u>

For the Plaintiff ::- વિધ્વાન વકીલશ્રી કે.બી.શાહ.

For the Defendant ::- એક તરફી...........

**:: ઠરાવ ::**

(૧)... વાદીના ના દાવાની ટુકમાં હકિકત એવી છે કે, વાદી કંપની ગુજ. ઈલે. સીટી એકટ તેમજ સપ્લાય એકટ નીચે રચાયેલી કંપની છે. વાદી કંપનીની મુખ્ય ઓફીસ રાજકોટ મુકામે આવેલ છે તેમજ કંપનીની વર્તુળ કચેરી સુરેન્દ્રનગર મુકામે આવેલ છે અને ચુડામા સબ ડીવીઝન આવેલ છે. આ કામના પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક નહી હોવા છતાં આ કામના પ્રતિવાદી બિનઅધિકૃત રીતે પાવર ચોરી કરતા પકડાયેલ છે. વાદી કંપનીના ચેકીંગ અધિકારી શ્રી વી.આર.મીસ્ત્રી તથા એચ.સી.પરમાર નાઓએ ચેકીંગ અર્થે નવી મોરવાડ ગામે પ્રતિવાદીના મકાનનુ વિજ વપરાશ વિજ જોડાણનુ ચેકીંગ કરેલ ત્યારે ડાયરેક્ટ વિજ જોડાણ કરી વિજ વપરાશની ગેરરીતી માલુમ પડેલ અને પી.જી.વી.સી.એલ. તરફથી કોઈપણ જાતનુ વિજજોડાણ આપવામા આવેલ ન હોવા છતા તેઓ પોતે પોતાના મકાનની નજીકમા આવેલા વિજપોલમાંથી પોતાની માલિકીના વાયર દ્વારા લંગર નાખી હળવા દબાણ વીજલાઈનમાંથી પાવરચોરી કરતા રંગે હાથે પકડાયેલ હોય અને પોતાના મકાનમા બિનઅધિકૃત રીતે ૬૦૦ વોટના વિજ ઉપકરણોમા ગેરકાયદેસર વિજ વપરાશ કરતા માલુમ પડેલ હોય ચેકીંગ અધિકારીએ સ્થળ ઉપર રોજકામ કરી ચેકીંગ ચાર્જશીટ તૈયાર કરેલ. બાદ આ કામના પ્રતિવાદી વિરૂધ્ધ વાદીએ વિજ અધિનિયમ ૨૦૦૩ ની કલમ–૧૩૫ હેઠળ કાર્યવાહી હાથ ધરી વાદી વિરૂધ્ધ પી.જી.વી.સી.એલ. સુરેન્દ્રનગર પો.સ્ટે. તા.૦૬/૦૧/૨૦૨૪ નારોજ ફરીયાદ નોંધાવી, પ્રતિવાદીને વિજ અધિનિયમની કલમ–૧૩૫ મુજબનું રૂા. ૧૧,૬૪૬.૫૩ પૈસાનુ બીલ તા.૦૬/૦૧/૨૦૨૪ નારોજ આપવામા આવેલ તેમ છતા આ કામના પ્રતિવાદીએ વાદી કંપનીને બિલની રકમ ભરપાઈ કરેલ નથી. આમ વાદીએ આ કામના પ્રતિવાદીને રકમ વસુલ આપી જવા માટે તા.૧૦/૦૧/૨૦૨૪ નારોજ નોટીસ આપેલ તેમ છતા બિલની રકમ વસુલ આપેલ નહિ જેથી અનઅધિકૃત વિજ વપરાશના રૂા. ૧૧,૬૪૬.૫૩ પૈસા તથા ડી.પી.સી. ચાર્જનાં રૂા. ૩,૪૧૫.૯૮ પૈસા એમ

કુલ મળી રૂા. ૧૫,૦૬૨.૨૧ પૈસાનો દાવો વાદી બોર્ડના નિયમ મુજબ ૧૮ % ના ચડતા વ્યાજ સહીત પ્રતિવાદીની હરેક પ્રકારની જાત તથા મિલ્કતથી વસુલ કરી શકાય તેવુ વાદીના લાભમા અને પ્રતિવાદી સામે હુકમનામુ કરી આપવા વાદીએ હાલનો દાવો કરેલ છે.

(૨)... આ કામના પ્રતિવાદીને નોટીસ કરવામા આવેલ જે નોટીસ આ કામના પ્રતિવાદીને ધોરણસર બજવા છતા પ્રતિવાદી જાતે અગર વકીલશ્રી મારફત કોર્ટ સમક્ષ હાજર રહેલ નથી કે વાદીના દાવાનો કોઈ જવાબ રજુ કરેલ ન હોય કે કોઈ રીપોર્ટ આપેલ ન હોય, પ્રતિવાદી વિરૂધ્ધ એક તરફી કામ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩)... આ કામે વાદી તરફથી નીચે મુજબના પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**-: મૌખિક પુરાવો :-**

| ક્રમ | આંક | વિગત. |
|---|---|---|
| ૧. | ૦૯ | હિતેષકુમાર મુળજીભાઈ સુતરીયાનું સરતપાસનું સોગંદનામુ. |

**-: દસ્તાવેજી પુરાવો :-**

| ક્રમ | આંક | વિગત. |
|---|---|---|
| ૧. | ૧૧ | ચેકીંગ શીટ |
| ૨. | ૧૨ | રોજકામ |
| ૩. | ૧૩ | એનેક્ષ્ચર-૪ |
| ૪. | ૧૪ | એનેક્ષ્ચર-સી |
| ૫. | ૧૫ | પુરવણી બીલનો ફોર્વર્ડીંગ લેટર |

| | | |
|---|---|---|
| ૬. | ૧૬ | વીજ અધિ.કલમ–૧૩૫ મુજબનુ પુરવણી બીલ |
| ૭. | ૧૭ | પ્રતિવાદી સામે વીજ ચોરી દાખલ કરવા અંગેનો પત્ર |
| ૮. | ૧૮ | પ્રતિવાદી સામે વિજચોરીની ફરિયાદ |
| ૯. | ૧૯ | પ્રતિવાદીને આપવામાં આવેલ લીગલ નોટીસ |
| ૧૦. | ૨૦ | લીગલ નોટીસની એક્નોલેજમેન્ટ સ્લીપ |
| ૧૧. | ૨૧ | પ્રફોર્મા–૧૨ |
| ૧૨. | ૨૨ | ડી.પી.સી.કેલ્ક્યુલેશન શીટ |
| ૧૩. | ૨૩ | સાઈટ વેરીફિકેશન |

(૪)... આ કામે વાદી તરફથી આંક–૨૪થી પુરાવો પુરો થયાની પુરસીસ રજુ કરવામાં આવેલ છે, તથા વાદી તરફેના વિ.વ.શ્રી ની દલીલ સાંભળવામાં આવેલ છે જેની ચર્ચા મુદ્દાની ચર્ચા સાથે સાંકળી લીધેલ છે.

(૫)... સદરહું દાવાના ન્યાયીક નિર્ણય સારુ આંક–૦૬થી નીચે મુજબના મુદ્દાઓ કાઢવામાં આવેલ છે.

:: મુદ્દાઓ ::

| | |
|---|---|
| ૧ | શું વાદી એ હકીકત પુરવાર કરે છે કે પ્રતિવાદી પાસે વાદીના પૈસા બાકી લેણા છે? |
| ૨ | શું વાદી માંગ્યા મુજબનુ વ્યાજ મેળવવા હકકદાર છે? જો હા તો કેટલુ? |
| ૩ | શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા માટે હકકદાર છે ? |
| ૪ | શું હુકમ અને હુકમનામુ ? |

(૬)... ઉપરોકત મુદ્દાના મારા ન્યાયીક નિર્ણયો તથા કારણો નીચે મુજબ છે.

૧. હકારમાં.

૨. અંશત:હકારમાં.

૩. અંશત: હકારમાં.

૪. આખરી હુકમ મુજબ.

**:: કારણો ::**

(૭)... **મુદ્દા નં. ૧ :–**

આ કામે વાદી એવો દાવો લઈને આવેલ છે કે, આ કામના પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક ન હોવા છતા પ્રતિવાદીએ વીજ પોલ પરથી જોડાણ કરી વિજ વપરાશ કરેલ છે જે અંગેનુ પ્રતિવાદીને બીલ આપવામાં આવેલ છે તેમ છતાં પ્રતિવાદીએ બીલની રકમ ન ભરતાં હાલનો દાવો કરેલ છે અને દાવા મુજબ દાદ માગેલ છે જેના અનુસંધાને પ્રતિવાદીએ હાજર થઈને દાવાનો જવાબ રજુ કરેલ નથી અને પ્રતિવાદીને જવાબ રજુ કરવા માટેની તક આપવા છતાં પ્રતિવાદી તરફથી કોઈ જવાબ રજુ કરેલ ન હોવાથી તેમના જવાબનો હકક બંધ કરી, કામ એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે. ત્યારબાદ મુદ્દાઓ મુકરર કર્યા બાદ વાદી તરફથી પુરાવો લેવામાં આવતાં વાદી તરફે આંક–૦૯ થી હિતેષકુમાર મુળજીભાઈ સુતરીયાનું સરતપાસનું સોગંદનામું રજુ કરવામાં આવેલ છે જેમાં દાવાની હકીકતો જણાવેલ છે અને દાવા મુજબની દાદ માગેલ છે અને પ્રતિવાદી ધ્વારા કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી અને વાદીએ દાવાના સમર્થનમાં આંક– ૧૧ થી ૨૩ ના ઉપરોકત દસ્તાવેજો ઉપર આધાર રાખે છે, આ કામના પ્રતિવાદીએ આ કામે હાજર થઈને વાદીના દાવાનો કોઈ જવાબ આપેલ નથી કે કોઈપણ પ્રકારની રજુઆત કરવામાં આવેલ નથી. તથા પ્રતિવાદીને પોતાને બીલ આપવામાં આવેલ નથી કે નોટીસ આપવામાં આવેલ નથી તેવી કોઈ રજુઆત કરવામાં આવેલ નથી,

અને વાદી કંપની તરફથી જે પુરાવો તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે તેની હકીકતો ખોટી છે કે તેના વિરુધ્ધનો કોઈ પુરાવો રજુ કરેલ નથી કે સોગંદ ઉપર પુરાવો આપીને વાદીની કોઈ હકીકતને કે દસ્તાવેજી પુરાવાને પડકારેલ નથી, જેથી વાદી કંપની તરફથી જે પુરાવો તથા દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે તેને નહી માનવાને કોઈ કારણ નથી, આ કામે રજુ થયેલો પુરાવો તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને અને ઉપરોકત કરવામાં આવેલી પુરાવાની ચર્ચા ધ્યાને લેતાં આ કામના પ્રતિવાદીએ જે વિજ વપરાશ કરેલ છે તે અંગેનું બીલ આપવામાં આવેલ છે, પરંતુ તે પૈકીની કોઈ રકમ પ્રતિવાદીએ વસુલ આપેલ નથી અને જો આપેલ હોય તો તે અંગેના કોઈ આધાર પુરાવા રજુ કરેલ નથી જેથી પ્રતિવાદીએ જે વિજ ચોરી કરેલ હોય જે અનઅધિકૃત વિજ વપરાશના રૂા.૧૧,૬૪૬.૫૩ પૈસા તથા ડી.પી.સી. ચાર્જનાં રૂા.૩,૪૧૫.૯૮ પૈસા એમ કુલ મળી રૂા.૧૫,૦૬૨.૨૧ પૈસા જે દાવા અરજીમાં જણાવેલ છે. જે રકમ વસુલ મેળવવા વાદી કંપની ધ્વારા આ દાવો કરવામાં આવેલ છે અને તેના અનુસંધાને વાદી ધ્વારા જે સાહેદને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓ દાવો દાખલ કરનાર અધિકારી છે, અને સોગંદનામું પણ કરેલ છે. વાદી કંપની તરફથી કંપની વતી પોતાની ફરજના ભાગ રૂપે દાવો દાખલ કરી શકે છે તથા પ્રતિવાદી તરફથી વાદીના સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ ન હોવાથી, જેથી પણ વાદી કંપની સાહેદ ધ્વારા જે પુરાવો તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે તેને નહી માનવાને કોઈ કારણ નથી. કારણ કે વાદી કંપનીના નિયમો અનુસાર અને જે તે સમયે જે અધિકારી ફરજ બજાવતા હોય તેઓ ધ્વારા દસ્તાવેજી પુરાવા તૈયાર કરવામાં આવેલ હોવાથી જેથી તેવા દસ્તાવેજો કંપનીના દસ્તાવેજ હોવાથી નહી માનવાને કોઈ કારણ નથી. જેથી ઉપરોકત કરેલ

તમામ ચર્ચાના અંતે મુદ્દા નં. ૧ ની હકીકત સાબિત થતી હોવાથી તેનો જવાબ હકારમાં આપવામાં આવે છે.

(૮)... **<u>મુદ્દા નં.૨ :–</u>**

આ કામે વાદી કંપની ધ્વારા પોતાની લેણી રકમ રૂા.૧૫,૦૬૨.૨૧ પૈસા ઉપર ૧૮% વાર્ષિક વ્યાજ સાથે માગણી કરવામાં આવેલ છે. આથી આ મુજબનું વ્યાજ વાદી કંપની મેળવવા હકકદાર છે કે કેમ ? તે અંગે જોઈએ તો વાદી કંપની એક સ્વાયત્ત કંપની છે અને પોતાનો વહીવટ નાણાથી ચાલે છે અને પ્રતિવાદીએ વાદીની લેણી રકમ કોઈપણ જાતના કારણ વગર રોકી રાખેલ છે અને રોકી રાખવા માટેનું કોઈ વ્યાજબી કારણ રજુ કરવામાં આવેલ નથી ત્યારે વાદી કંપની પ્રતિવાદી પાસેથી વ્યાજ મેળવવા માટે હકકદાર હોવાનું અત્રેની અદાલતનું માનવુ છે. આથી હાલના મોંઘવારીના દર અને વ્યાજના દર ધ્યાનમાં લેતાં અને વાદી કંપની ધ્વારા જે વ્યાજની માગણી કરવામાં આવેલ છે તે અંગેનો કોઈ આધાર પુરાવો રજુ કરવામાં આવેલ નથી કે કોઈ એગ્રીમેન્ટ રજુ કરવામાં આવેલ ન હોવાથી વાદી કંપનીને પ્રતિવાદી પાસેથી દાવાવાળી રકમ પૈકી મુદ્દલ રકમ વાર્ષિક ૬% લેખે વ્યાજ વસુલ અપાવવામાં આવશે તો વ્યાજબી અને ન્યાયી ગણાશે તેથી ઉપરોકત કરેલ ચર્ચા મુજબ વાદી કંપનીને પ્રતિવાદી પાસેથી તેમની મુદૃલ રકમ રૂા.૧૫,૦૬૨.૨૧ પૈસા ઉપર વાર્ષિક ૬% ટકા લેખે વ્યાજ વસુલ અપાવવાનું ઉચિત જણાતું હોવાથી મુદ્દા નં.૨ નો જવાબ અંશત: હકારમાં આપવામાં આવે છે.

(૯)... **<u>મુદ્દા નં. ૩ :–</u>**

આ કામે વાદી કંપની તરફથી પ્રતિવાદી વિરુધ્ધ દાવો દાખલ કરી, દાવા મુજબની દાદ માગવામાં આવેલ છે, જે અનુસંધાને ઉપરોકત કરેલ મુદ્દાઓની ચર્ચા તથા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં જણાઈ આવે છે કે, વાદી કંપની

તરફથી તેમની દાદ મુજબ રૂા.૧૫,૦૬૨.૨૧ ની રકમ પર વ્યાજની માગણી કરેલ છે તે મુજબ વાદી કંપની વાર્ષિક ૬% લેખે વ્યાજ મેળવવા હકકદાર થતા હોઈ, સદરહું મુદ્દાનો જવાબ અંશત:હકારમાં આપી, મુદ્દા નં.૪ પરત્વેનો આખરમાં જણાવ્યા મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧)... વાદીનો દાવો અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨)... વાદી કંપની પ્રતિવાદી પાસેથી દાવાવાળી રકમ પૈકી મુદલ રકમ રૂા.૧૫,૦૬૨.૨૧ પૈસા(અંકે પંદર હજાર બાસઠ રૂપીયા અને એકવીસ પૈસા પુરા) દાવાના દાખલ તારીખથી તેમજ વસુલ ન થાય ત્યાં સુધી વાર્ષિક ૬%ના વ્યાજ સાથે થતી રકમ તથા હાલના દાવાના તમામ ખર્ચ સાથે વાદી કંપનીને પ્રતિવાદીની જાત તથા હરેક પ્રકારની માલ મિલકતમાંથી વસુલ લેવા હકકદાર ઠરાવું છું.

(૩)... હુકમ મુજબ હુકમનામું દોરવું.

ઉપરોકત હુકમ આજ તા. ૧૮ મી, માહે : જુલાઈ , સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

ચુડા.

તારીખ. ૧૮/૦૭/૨૦૨૬ **(પ્રદિપકુમાર રામસિંહ ચંપાવત)**

પ્રિન્સીપાલ સીવીલ જજ, ચુડા

યુ.આઈ.સી. નં.જીજે૦૧૫૬૬.